પ્રશ્ન: ભાઈશ્રી દેવાંગ એક ઓળખીતા અને એક ગુજરાતીના રૂપે જ્યારે તમને જુવું છું ત્યારે ગર્વ, આદર અને પ્રેમની લાગણી થાય છે. આ આદર ત્યારે ઘણો વધી જાય છે જ્યારે તમારા પ્રવચન અને શિબિરમાં દેશ વિદેશના લોકોને અને જુવાનોને પણ ડોલતા ભાળું છું. મને પોતાને પણ કૃષ્ણનો સાક્ષાત અનુભવ થતો હોય તેવી અનુભૂતિ તમને કૃષ્ણ ઉપર બોલતા સાંભળું છું ત્યારે થાય છે. તમારા સાનિધ્યમાં ધ્યાનની અનુભૂતિ બુદ્ધત્વના અનુભવથી ઓછી નથી એવું લાગે છે. પરંપરાઓના ખોટા અર્થોની જાટકણી કાઢીને પણ તમે તેનો સાચો અર્થ સમજાવીને સત્યને ઉઘાડો છો. સાવ સાચું કહું તો જ્યારે તમને સાંભળ્યા ત્યારે ઓશો અને સાંઇબાબાને સાંભળ્યાની યાદ તાજી થઈ ગઈ. એ જ ક્રાંતિ, એ જ શક્તિ, એ જ તેજ, એ જ બુદ્ધત્વ, એ જ મિજાજ અને એ જ તર્કથી તર્કાતીતતા અને તેમ છતાં સામાન્ય માણસની સાદગી. ઘણી વખત આશ્ચર્ય પણ થાય છે કે એક વૈજ્ઞાનિક થઈને તમે આધ્યાત્મિકતાના શિખરે બિરાજો છો!

પણ તેમ છતાં શું તમને એમ નથી લાગતું કે તમે બહુ બહારમાં જાવ છો. આખરે જ્યારે તમે શિબિર કે પ્રવચન લો છો કે કામ કરો છો ત્યારે તમે બહાર નથી જતાં? શું બીજાઓ માટે શિબિર કે પ્રવચન લેવા તે અહંકાર નથી?

તમે આટલી કલાક કંઈક કેટલાક કામ કરો છો. ઉજાગરા કરો છો અને ભૂખ્યા, તરસ્યા રહો છો. તેનાથી પણ વધુ જિંદગીની હોડમાં મૂકીને આંતકવાદીઓ માટે શિબિર વગેરે લો છો. તો શું તમને નથી લાગતું કે તમારે તબિયતનું ધ્યાન રાખવું જોય. શું કામ બીજા માટે આપણી તબિયત ખરાબ કરવી? શું કામ ઝેરી, જંગલી માણસો કે દાનવો માટે આપણી જિંદગી હોડમાં મૂકવી? તેના કરતાં તમને નથી લાગતું કે તમારે વધુ ને વધુ અંદર જવું જોઈએ.

**જવાબ: ભગવાનશ્રી પહેલાં તો હું શિબિર કે પ્રવચન ક્યાં લઉં છું? ફક્ત શૂન્ય છે જેના દ્વારા અસ્તિત્વને જો વર્ષવું હોય તો વર્ષે છે, પ્રગટવું હોય તો પ્રગટે છે. હું છું જ નહીં. અંદર અને બહાર બન્ને અહંકાર જ છે.** હું અને તું જેમ અહંકાર છે એમ આ પણ અહંકાર છે. માણસ એવો છે કે એ અમૃતને પણ ઝેર બનાવી દે છે અને ઝેરને પણ ઝેર બનાવે છે. હકીકતમાં તો અમૃત અને ઝેર પણ અહંકાર છે પણ જો અત્યારે હું નવી ભાષાનો આવિષ્કાર કરીશ તો તમને નહીં સમજાય એટલે નછૂટકે અસત્ય હોવાં છતાં આ ભાષા વાપરવી પડશે. **હરેક વર્ગીકરણ કે મર્યાદા કે સીમા કે રેખા ફક્ત અહંકાર અને અહંકાર જ છે. પણ અહંકાર કે મન આ વાત માનશે જ નહીં, કારણકે તેમાં તેનું મૃત્યુ છે; અને બીજા લોકોના વક્તવ્ય અહંકારને સુદૃઢ કરવા માટે ગોતશે.** જે વાતો અસત્ય હોવા છતા કરુણામાં આવીને સંતો, માણસ ભુલભુલામણીમાંથી નીકળીને યાત્રા શરુ કરે તે માટે કહે છે તે વાતો પણ માણસ પોતા માટે વાપરવાની જગ્યાએ બીજાઓ તરફ ફેંકે છે જેથી તે પોતે આત્મવંચના અને ભ્રમમાં રહી શકે. અને વક્તા તો એ છે કે આવા માણસો પોતે બહારમાં, મોહમાં માયામાં એટલા બધા કેંદ્રિત હોય છે કે તેઓ હજુ બહારની વ્યર્થતા પણ સમજતા નથી હોતા કે અંદરના અ ને પણ નથી જાણતા હોતા. હકીકત તો એ છે કે માણસ પોતાની જાતને Not Ok માનતો હોય છે અને એટલે જ બીજા જે પણ કરે તે તેને Not Ok કહે છે અને સલાહ આપે રાખે છે. અને આવી સલાહમાં પરસ્પર આત્યંતિક વિરોધાભાસ હોય છે. તમે રમતા હો તો કહેશે કામ કરો. કામ કરતા હો તો કહેશે રમો. આ અહંકાર પોષિત, આધારિત અને પ્રેરિત સલાહો હોય છે. બુદ્ધો પણ સલાહ આપે છે પણ તેમાં આત્યંતિક વિરોધાભાસ નથી. કેવલ બુદ્ધ જ ......

જેમ બહાર સંપદા છે તેમ અંદર પણ સંપદા છે અને તેમના સુખ અને દુખ છે. અને તે પણ વ્યર્થ છે. જ્યારે આ અનુભૂતિ થાય છે ત્યારે જ ૐ તત્સત્ નો ઉદય થાય છે. અને ત્યારે બધી રેખાઓ વિલીન થઈ જાય છે. **અને ત્યારે જ માણસ સાચી શિબિર લઈ શકે છે. અને ત્યારે જ સમગ્ર એટલે બધી અને બધી અનુભૂતિ પણ વિલીન થઈ જાય છે. અને ત્યારે જ માણસ સત્ય અર્થી વક્તવ્ય અને શબ્દો આપી શકે છે**. અને ત્યારે જ માણસ **એક અનહદ આત્યંતિક વિકસિત થતાં વિશ્રામ** કે **કાંઈ નહીં**માં હોય છે અને બધે અને જે છે એ તે જ છે. અને અહીં કોઈ ભેદ નથી અને આ જ ૐ છે. આ કારણથી જ મહાવીર, બુદ્ધ, કૃષ્ણ વગેરેની આંખો ઘણી વખત અર્ધી ખૂલી અને અર્ધી બંધ દેખાડવામાં આવે છે. અંદર હોવા છતાં બહાર છે અને બહાર હોવા છતા અંદર છે. **શબ્દો તો વ્યર્થ છે જ પણ મૌન પણ વ્યર્થ છે.** અને જે માણસને આ અનુભૂતિ નથી કે આની આત્યંતિક જાણ નથી તે ગમે તે કહે તે હજુ શબ્દોમાં અટવાયેલો છે. શબ્દ પાંજરું છે અને મૌન પણ પાંજરું જ છે. **અંદર, બહાર, શબ્દ, મૌન, હું, તું, મોક્ષ, સંસાર, સાધના, સાધક, ભોકતા, ભોગ વગેરે બધું એક અહંકારનું માનિત વિષચક્ર જ છે.** અને ત્યારે મૌન તો શબ્દોનો થાક અને શબ્દ એ મૌનનો થાક ઉતારવાનું બહાનું માત્ર બની જાય છે. આ તો ફક્ત મનનું Pendulum છે. **સાધના અને સાધક પણ અહંકાર જ છે**. આની પાર જ મેં ઉપર કહ્યું એ ૐ છે એટલે હોવું છે. હું છું એ કહેવું પણ ખોટું છે કારણકે હું તો નથી થઈ જવાનો. **એટલે હોવું બસ માત્ર કાંઈ નય હોવું.**

અને અહીં જેમ વાદળ પાણીથી ભરાય અને છલકે છે ત્યારે વરસે છે તેમ અસ્તિત્વ વર્ષે છે. **અહીં કોણ કમબખ્ત**

**બીજા** (હું કોણ અને બીજા કોણ. આ તો સીમા-હીનતા છે. નથી હું નથી બીજા) **માટે શિબિર લે છે કે બોલે છે. આ તો છલકાતો દરિયો છે. આ તો અનરાધાર આપમેળે વર્ષે છે. માણસ ન હોય તો પશુ, પંખી, ઝરણા, નદી, પર્વતો, વૃક્ષો, વનસ્પતિ, આકાશ, તારા, પૃથ્વી, નક્ષત્રો વગેરે માટે પણ વરસશે. અને ફક્ત શૂન્ય હોય તો પણ શૂન્ય માટે પણ શિબિર લેશે કે બોલશે કારણકે બધું હું જ છું; આ તો મારાથી, મારામાં યાત્રા છે.** મહાવીર કે બુદ્ધને જ્યારે મલ્યું એટલે જ્યારે પહોંચી ગયા ત્યારે તેઓ પણ વરસવા લાગ્યા હતાં અને પાછા આવ્યા હતાં કારણકે આ તો અસ્તિત્વની આપમેળે થતી વર્ષા છે. **અને વર્ષા એ તો વાદળનું વિલીન થવાનું બહાનું છે.** અને અંદર અને બહારની ખોટી માન્યતાના શબ્દોના આધારે કહું તો આ તો એક એવી નદી છે કે જે અંદરથી બહાર અને પાછી અંદર તરફ જતા દરિયામાં વિલીન થાય છે. એટલે હું ક્યાં કાંઈ કરું છું. **કર્તા તો એક ભ્રમ છે**. શબ્દો અને કર્મ આપમેળે વહે છે અંદરથી, બહાર અને બહારથી અંદરની યાત્રા તરફ **કારણકે અંદર અને બહારના સેતુ કે ભ્રમ આ પૂરમાં ક્યારના ભાંગીને ભૂકા થઈ ગયા છે**. હું કે કર્તા હોય તો કાંઈ કરે ને. તેમ છતા કહેવું હોય તો કહી શકાય કે **મારાથી મારામાં, મારા દ્વારા મારા થકી વહેતી ગંગા છે**. તો હવે તો આ મૂર્ખતા બંધ કરો. કેવલ મૂર્ખ અને અનુભવહીન માણસ જ બધી સીમામાં પડે છે અને કેવલ તે જ એમ વિચારી શકે છે કે શિબિર કે કામ કે બોલવામાં આપણે બહાર હોઈએ કે જઈએ છીએ. ખેર અંતમાં તો બધું એક શૂન્ય જ છે. તમે, બીજા જુઓ છો તેમ, બધા અને મારા દ્વારા મને પણ ફક્ત આ અસ્તિત્વની વર્ષા દેખાય છે. ક્યાં છે અંદર અને ક્યાં છે બહાર! ક્યાં છે બીજા અને ક્યાં છું હું! ક્યાં છે હું અને ક્યાં છે તું! ક્યાં છે મોક્ષ અને ક્યાં છે સંસાર! **અહીં તો ફક્ત એક શૂન્યાવકાશ, એક વિશ્રામ, એક અસ્તિત્વ, એક ચેતના, એક ૐ અને એક કશું નહિતા કે નિર્વાત છે. પણ જેમ Jesusએ કહ્યું છે તેમ બુદ્ધની કદી તેના ગામમાં ઓળખ નથી થતી કારણ કે ગામ પોતાની સીમા, કલ્પના અને ગ્રંથિના (અહંકારના) ભ્રમમાં હોય છે. અને આ જ અસ્તિત્વની સ્વતંત્રતા છે. અને એ સારું છે. પણ માણસ, પહેલા કહ્યું તેમ અમૃતને ઝેર બનાવવામાં ઉસ્તાદ છે જેમ કે:**

**अहम् निर्विकल्पो निराकार रूपो, विभू व्याप्‍र्य सर्वत्र सर्वेन्द्रियाणम्**
**सदामे सम्त्वम् न मुक्तिः न बन्धः, चिदानन्द रूपम् शिवोहम् शिवो अहम्**

અહીં શંકરાચાર્ય ઉપર કહેલ સ્થિતિનું જ વર્ણન કરે છે પણ શિવોહમ્ નો અર્થ પણ અહંકાર ચીત સદીઓથી હું શિવ છું એમ કરતો આવ્યો છે. આ એક જૂઠાણું માત્ર છે. આમ હોત તો શંકર અહમ્ શિવો તેમ કહેત. હકીકતમાં શંકર અહીં એમ કહે છે કે જ્યારે અહમ્ નો નાશ થાય છે, **અહમ્ નો વિલીન** થાય છે ત્યારે **જે છે તે જ હું છું.**

આમ તો પાછળ જે કહ્યું તે સત્ય નથી. મેં તો ફક્ત જે સત્ માં હું વિશ્રામમાં છું (જો કે હું વિશ્રામમાં છું એ કહેવું પણ ખોટું છે. બસ કાંઈ નહિતા કે શૂન્યાવકાશ કે નિર્વાત જ છે. હું કે તું કે એ ....... નથી) તેને શબ્દોમાં બાંધવાનો મજબૂત પ્રયાસ જ કર્યો છે કારણ કે જ્યાં હું કે આ છે તે શબ્દાતીત, મૌનાતીત, અંદર બહાર વગેરેથી પરે છે. એટલે બને એટલો સત્યને, અનુભુતિતીતને, અનુભવાતીતને તેની નજીકથી શબ્દોમાં વ્યક્ત કરવાનો પ્રયાસ માત્ર કર્યો છે. અને આ પ્રયાસ સત્ય છે કે નહીં તેની ખરી કસોટી તો એ જ છે કે જેમ ફૂલની સુગંધ પસરે અને તેની મહક ફેલાય છે તેમ આ સુગંધ આપમેળે દૂર દૂર ફેલાય છે અને બધું એક બની જાય છે અને ભ્રમરો આપમેળે આવે છે. જ્યારે જો આ અસત્ય હોય તો ફક્ત એક સીમામાં રહીને સડે રાખે છે. જ્યારે મને નિમિત્ત માત્ર બનાવીને જે વર્ષા થઈ રહી છે તે આખી પૃથ્વીની બધી સીમા તોડીને વર્ષી રહી છે અને બ્રહ્માંડ તરફ વધી અને વિલીન થઈ રહી છે. શિબિર અને સત્યને સાંભળવા માટે દેશ-વિદેશથી હજારો લોકો આવે છે કારણકે લોકો છે જ નહીં. આ તો અખંડ શૂન્યતા છે. હર સીમા અહંકાર છે. અને આ વર્ષા આપમેળે બંધ થઈ જશે તો હું બાધા નહીં બનું પણ અત્યારે એ વર્ષે છે તો પણ હું બાધા નહીં બનું. હું છું જ નહીં. **પહેલા કહ્યું એમ આ જ સ્વતંત્રતા છે. સૂર્ય હોવા છતાં ચાંદો છે એમ કહેવાની અને સમજવાની સ્વતંત્રતા છે. અસત્, કલ્પના, મૂર્ખતા, ભ્રમો વગેરે રાખવાની પણ સ્વતંત્રતા છે કારણકે તે એક જ છે. અને એટલે જ પ્રેમ છે, શૂન્ય છે, નિર્વાત છે.**

રહી વાત મારી તબિયતની તો ઘોડા જેવી તબિયત છે મારી. હાલી, ચાલી, નાચી, દોડી, ઠેકડા મારી, કામ કરી શકું છું. ત્રણ ચાર કલાક ઊંઘીને, ભૂખ્યા, તરસ્યા રહીને પણ તાજો માજો રહી શકું છું. ચારેક વર્ષથી એક પણ ગોળી નથી લીધી. અને ભવિષ્યની ચિંતા કે આ કે તે બીમારી ન થાય વગેરે તો તેનો કોઈ અંત જ નથી. એ તો નર્યો મોહ જ છે. ઠીક છે બધું ભાઈ. છોકરાની રમતો. અને કોણ કમબખ્ત અહીં જિંદગી જૂતવી જૂતવીને કે આંચકી આંચકીને જીવવા માંગે છે. આ જીવન અને મરણ બન્નેના ખેલની પાર જઈને એક બીજી જ જિંદગીમાં કે શૂન્યતામાં હર હંમેશ છું. કોઈ આશા, અપેક્ષા, આકાંક્ષા, ઇચ્છા વગેરે નથી તો શું કરવું છે વધુ, વધુ, વધુ અને વધુ અહીં જીવીને. ફરી જીવવાનો ભ્રમ જ રાખવાનો ને. અને જો ભવિષ્યમાં આ શરીર બહુ વાયડું થશે અને તકલીફો તેને થશે તો ભાઈ કહી દેશું. ચાલ ભાઈ સારું, ઘણો સાથ રહ્યો. મજા પડી. પણ હવે મોહમાં તને હેરાન કરવાની કોઈ ઇચ્છા નથી. તને પકડવાની આકાંક્ષા જ નથી. તારો ઘણો આભાર કે તું મારા માટે એક રસ્તો બન્યો. તારી વ્યર્થતા સમજવા અને જાણવા તે ઘણો સહકાર આપ્યો. અને આ સંયોગથી તને તકલીફ થઈ હોય તો ભાઈ માફ કરજે. તારી સંપૂર્ણ કાળજી પણ લીધી છે. અંતમાં તો આપણે

અને બધું એક જ છીએ. Dust unto Dust. એટલે જ Mercy Killing પણ છે જ ને. શરીર તો આપોઆપ છૂટી જાય છે. **એક આશ્ચર્ય જ છે કે હજુ શરીર છે.** શું કરવું છે ૭૦-૮૦-૯૦ વર્ષ જીવીને હં? એનો મતલબ એ પણ નથી કે આત્મહત્યા કરવી. એ તો ક્યાં થઈ જ શકે છે? એ તો માત્ર ભ્રમ જ છે. **હા હું તો મરી જ ગયો છું.** ફક્ત... હવે સમજાય છે અને અનુભવાય છે કે શું કામ રમણે કૂદકો લગાવીને દરિયામાં જળ સમાધિ લીધી હતી કે મહાવીર અઘરામાં અઘરા વ્રત લઈને મરવાના વાંકે જીવતા કે બુદ્ધે ખાવામાં ઝેર છે જાણવા છતાં તે આરોગ્યું અને કોઈ પણ દવા કરવાની ના પાડી દીધી હતી કે સુક્રાતે ઝેર દ્વારા કે મન્સુર કે જિસસે શૂળી ઉપર મરવાનું પસંદ કર્યું હતું કે રામકૃષ્ણે કૅન્સર માંને આપવાની ના પાડી હતી.... સ્વયં સ્ફુરિત કવિતા કે ભજનની અમુક પંક્તિ નીચે આપું છું જે ઘણા વખત પહેલાં ઊતરી હતી:

कृष्ण कृष्ण कह के, भयो मैं दीवानो,
दीवानगी में तोरी कृष्णा, ऐसों मुक़ाम आयो,
मैं भी न रहयो कृष्णा, तू भी न रहयो,
मिलन हे ये कैसों कृष्णा, मिलन हे ये कैसा कृष्णा,
दुई आँखों से देखूँ, दुई बाहों से मिलूँ,
मिलन की ये बेला कृष्णा, उम्र मोहे आड़े आए,
छीन के मौसे उम्र मेरी, मोहे तू वो मिलन दे दे,
अनंत आँखों से देखूँ, अनंत बाहों से मिलूँ

અને કોણ છે દાનવ અને કોણ છે દેવ? દાનવ પણ ભગવાનનો એટલો જ ભાગ છે જેટલો દેવ છે. તમારું દાનવત્વ પણ તેમનો ભાગ છે અને તેમનું દેવત્વ પણ તમારો ભાગ છે. કહેવાતા આંતકવાદી માટેની શિબિર માટે પહેલાં પણ ઘણું કહી ચૂક્યો છું તેની એક કૅસૅટ તમને મોકલું છું. **ઘણી શરમની વાત છે કે પશ્ચિમી સામ્રાજ્યવાદ અને મગજ-સફાઈના ષડ્યંત્રના કારણે પૂર્વનું જે પણ વિજ્ઞાન કે મહત્ત્વપૂર્ણ છે તે પૂર્વના લોકો જ ખતમ કરી રહ્યાં છે. એક વૈજ્ઞાનિક હોવાથી વિજ્ઞાનની સીમા અને શુદ્રતા સારી રીતે સમજું છું. અધ્યાત્મ પણ વિજ્ઞાન (ચેતનાનું) છે.** વિજ્ઞાન, અધ્યાત્મ અને આધ્યાત્મિક વિજ્ઞાન વિષે પણ ઘણું કહી ચૂક્યો છું, તેના ઉપરના લગભગ ૧૧ કલાકના પ્રવચનની MP3 CD પણ આ સાથે મોકલાવું છું. ચાલો તો બોલ્યું ચાલ્યું માફ. મારા મને જ પ્રણામ. અને મારી મને જ માફી. હરિ ૐ તત્સત્.

નોંધ: આથી જો તમે Quantum Jump લઈ શકો તો ભલે. પણ જો ન લઈ શકો તો સાધના બંધ ન કરતાં કારણકે અંતમાં તો સાધના મૂર્ખતા છે પણ સંસારમાં સુતા રહેવું તો મંદબુદ્ધિનું પ્રમાણ છે. જો તમારો સંસાર વ્યર્થ થઈ ગયો હોય એટલે તમને તેની વ્યર્થતા સમજાય ગઈ હોય તો આ યાત્રા જરૂરી છે. જ્યારે આ યાત્રાની પણ વ્યર્થતા સમજાય જશે **એટલે જ્યારે સંસાર તો જશે જ સાથે સાથે સંન્યાસ અને મોક્ષ પણ જશે ત્યારે જ ૐ નો ઉદય થશે**. બુદ્ધુ અને બુદ્ધ વચ્ચે સામ્ય દેખાશે પણ બુદ્ધુ પાસે બુદ્ધિ નથી જ્યારે બુદ્ધ બુદ્ધિના સ્વામી છે તેઓ બુદ્ધિની ઉપર છે. ત્રણ ચીજ છે વિચાર, અવિચાર અને નિર્વિચાર. અવિચાર એટલે એવી અવસ્થા જે વિચાર માટે સક્ષમ નથી જ્યારે નિર્વિચાર એટલે વિચાર કરી કરીને વિચારની વ્યર્થતા સમજીને તેને ત્યાગતી અવસ્થા. એટલે અવિચાર અને નિર્વિચાર ઉપરથી એક દેખાય શકે પણ બન્ને આત્યંતિક ભિન્ન અવસ્થા છે. બુદ્ધિ પૂરી ત્વરાથી વાપરી વાપરીને જ્યારે બુદ્ધિ પોતે તેની વ્યર્થતા જોઈ લે છે, ત્યારે બુદ્ધિ છૂટી જાય છે અને ત્યારે જ બુદ્ધત્વ. સંસારનો ધ્યેય એટલે સંસાર મારફત તેની વ્યર્થતાની અનુભૂતિ, સંન્યાસનો અર્થ સંન્યાસ મારફત તેની વ્યર્થતાની અનુભૂતિ અને સાધનાનો અર્થ તેની મારફત તેની વ્યર્થતાની અનુભૂતિ. બહારથી કાંઈક મલશે તેવી આશા અને તે માટેના નાટકો સંસાર છે અને અંદરથી કાંઈક મલશે તેવી આશા અને તે માટેના નાટકો (સાધના, જપ, તપ વગેરે) સંન્યાસ છે. આ બન્ને જ્યારે છૂટી જાય છે ત્યારે જે પરમ રિક્તતા કે પરમ શૂન્યતા કે પરમ નિર્વાત કે પરમ કાંઈ નહિંતા રહે છે; **એ જ તમે છો, એ જ ભગવતતા અને એ જ ભગવાન**. જો તમે સમગ્ર રૂપેણ, પૂરી ત્વરાથી, પૂરા હોશથી જાવ તો, **આ ક્ષણે** પણ આ ક્રાંતિ એટલે Quantum Jump ઘટી શકે અને નહીં તો જન્મો જન્મ.. સિદ્ધાર્થનો સંસાર એટલે સામ્રાજ્ય એટલે બહાર તો છૂટી જ ગયું પણ છ વર્ષના અંતે બોદ્ધિ વૃક્ષની નીચે જ્યારે તેમનો સંન્યાસ એટલે સાધના એટલે અંદર (અંતિમ અહંકાર) પણ છૂટી ગયું ત્યારે જ, તે, પરમ શૂન્યતામાં બુદ્ધનો ઉદય થયો.

**Sharing is so joyful -- hence one shares! Sharing for sharing's sake, for no other motive.**